BUSINESS મિત્ર

સેન્સેક્સ 494 પોઇન્ટ ઘટયો, રોકાણકારોએ 6 લાખ કરોડ ગુમાવ્યા

બજાજ ઓટોની પાછળ ઓટો શેરોમાં ભારે કડાકો બોલાયો

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા.17: ભારતીય શેરબજારમાં આજે પણ નરમાઇનો માહોલ આગળ વધ્યો હતો. જોકે, સેન્સેક્સે 81000 પોઇન્ટની સપાટી ટકાવી રાખવામાં સફળ રહ્યા હતા. જોકે, આજે રોકાણકારોની સંપત્તિમાં રૂ. 6 લાખ કરોડની ખોટ કરી છે.રિલાયન્સે અગાઉ બોનસની જાહેરાત કરી હતી, જેની રેકોર્ડ ડેટ 28 ઓકટોબર નક્કી કરવામાં આવી છે. રિલાયન્સ ભારતની ખાનગી ક્ષેત્રની સૌથી મોટી કંપની છે. તેની પ્રવૃત્તિઓમાં હાઇડ્રોકાર્બન સંશોધન અને ઉત્પાદન, પેટ્રોલિયમ રિફાઇનીંગ અને માર્કેટીંગ, પેટ્રોકેમિકલ્સ, સૌર અને હાઇડ્રોજન, રિટેલ અને ડિજીટલ સેવાઓનો સમાવેશ થાય છે.

બ્રોડર માર્કેટમાં પણ વેચવાલી સાથે કડાકો બોલાયો હતો. બીએસઇ મિડકેપ ઇન્ડેક્સ 1.65 ટકા અને સ્મોલકેપ ઇન્ડેક્સ 1.42 ટકા ઘટયો હતો. આજે માર્કેટ બ્રેડથ નબળુ પડ્યું હતું. બીએસઇ ખાતે 1273 શેરો વધ્યા હતા, જ્યારે 2690 શેરો ઘટયા હતા અને 101 શેરો યથાવત રહ્યા હતા.આજે આઇટી સેકટરને બાદ કરતાં બીએસઇના અન્ય તમામ સેકટરો લાલ નિશાનમાં જોવા મળ્યા હતા. જેમાં સૌથી વધુ ફટકો ઓટો, રિયલ્ટી અને ટેલીકોમ્યુનીકેશન સેકટરને લાગ્યો હતો.

રૂપિયો 84ની ઉપર

આજે ડોલરની સામે રૂપિયામાં પ્રત્યાઘાતી ઘટાડો બોલાયો હતો. આજે ડોલરની સામે રૂપિયો સાત પૈસા ઘટીને 84.07ના સ્તરે બંધ રહ્યો હતો. ગઇકાલે રૂપિયો મજબૂત થયો હતો, પરંતુ આજે ઘટયો હતો. ગત સેસનમાં ડોલરની સામે રૂપિયો 84ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 91.38, પાઉન્ડ 109.18, કેનેડિયન ડોલર 60.92, ઓસ્ટ્રેલિયન ડોલર 56.32, જાપાનીઝ યેન 56.32, સીંગાપોર ડોલર 64.17ના સ્તરે બંધ રહ્યા હતા.

આજે રિયલ્ટી શેરોમાં નરમાઇ જોવા મળ્યો હતો. નિફ્ટી રિયલ્ટી ઇન્ડેક્સ 3.76 ટકા ઘટયો હતો. જેમાં ઓબેરોય રિયલ્ટી, મેક્રોટેક ડેવલપર્સ, ગોદરેજ પ્રોપર્ટીઝ, પ્રેસ્ટીજ એસ્ટેટ, શોભા, ફોનીક્સ મીલ્સ, મહિન્દ્રા લાઇફસ્પેસ, બ્રિગ્રેડ એન્ટર, ડીએલએફ અને રેમન્ડ ઘટયા હતા.

બીએસઇ લિસ્ટેડ કંપનીઓનું કુલ માર્કેટ કેપિટલાઇઝેશન રૂ. 457.26 લાખ કરોડનું થયું છે. જે અગાઉ રૂ. 463.29 લાખ કરોડનું હતું. બીએસઇ ખાતે ટ્રેડિંગ દરમ્યાન 245 શેરો બાવન વીકની ઉપર બોલાયા હતા. જ્યારે 35 શેરો બાવન વીકની નીચલી સપાટી ટચ કરી હતી. સેન્સેક્સ 494.75 પોઇન્ટ એટલે કે 0.61 ટકા ઘટીને 81006.61 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઇન્ટ્રાડેમાં સેન્સેક્સ 81781 પોઇન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 81000 પોઇન્ટની સપાટી તોડીને 80905 પોઇન્ટના સ્તર સુધી ઘટયો હતો. નિફ્ટી 221.45 પોઇન્ટ એટલે કે 0.89 ટકા વધીને 24800 પોઇન્ટની સપાટી તોડીને 24749.85 પોઇન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઇન્ટ્રાડેમાં નિફ્ટી 25000 પોઇન્ટની સપાટી કુદાવીને 25029 પોઇન્ટ સુધી ઉછળી હતી. જ્યારે નીચા સ્તરે 24729 પોઇન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 512.25 પોઇન્ટ એટલે કે 0.99 ટકા ઘટીને 51288.80 પોઇન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઇ ખાતે ક્રીસીલમાં 12.29 ગણા, બજાજ ઓટોમાં 7.54 ગણા, ચેન્નાઇ પેટ્રોલીયમ 5 ગણા, વેદાન્તામાં 2.37 ગણા, ગ્રીન્ડવેલ નોર્ટોનમાં 2.19 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઇ ખાતે ક્રીસીલમાં 14.57 ગણા, બજાજ ઓટો 8.69 ગણા, ચેન્નાઇ પેટ્રોલીયમમાં 8.09 ગણા અને લેટેન્ટ વ્યૂ એનાલીટીકસમાં 7.33 ગણા અને સેન્ટ્રલ બેન્કમાં 6.23 ગણા કામકાજ નોંધાયા છે.

એનએસઇ એસએમઇ પ્રેનીક લોજીસ્ટીકના આઇપીઓનું આજે 2.60 ટકા પ્રીમિયમ સાથે રૂ. 79ના ભઆવે લિસ્ટીંગ થયું હતું. પછી પાંચ ટકા પ્રીમિયમ બોલાયો હતો. કંપનીનો આઇપીઓ 144.68 ગણા છલકાયો હતો. કંપનીએ રૂ. 77ના ભાવે ઓફર કરાયો હતો.

વૈશ્વિક સ્તરે યુરોપિયન સેન્ટ્રલ બેન્ક તરફથી આગામી નાણાકીય નીતિના નિર્ણય માટે વેપારીઓએ કમર કસી હવાથી ગુરૂવારે યુરોપિયન શેરોમાં વધુ ઉછળ્યો હતો. યુરોપિયન યુનિયનમાં પુગાવાના જોખમો અપેક્ષા કરતા વધુ ઝડપથી હળવા થતા આજે ઇસીબી વર્ષના ત્રીજા વ્યાજદરમાં ઘટાડો કરે એવી અપેક્ષા છે. ચીનના હાઉસીંગ મંત્રાલયની બ્રોકિંગ રોકાણકારોને પ્રભાવિત કરવામાં નિષ્ફળ ગયા પછી એશિયન શેરો નીચા સમાપ્ત થયા. ગત વર્ષના સમાન સમયગાળાની તુલનામાં સપ્ટેમ્બરમાં જાપાનની નિકાસ 1.7 ટકાનો ઘટાડો થયો છે. સપ્ટેમ્બરની આયાત વૃદ્ધિ 2.1 ટકા પર આવી છે, જે ઓગસ્ટ 2024માં 2.3 ટકા હતી. વોલસ્ટ્રીટની પાછળ એશિયન બજારોને સકારાત્મક વેગ મળ્યો હતો, જ્યાં બુધવારે ટેક શેરો અને મજબૂત આવકોએ લાભમાં ફાળો આપ્યો હતો. રોકાણકારો હવે આગામી કમાણીના અહેવાલોઅને આર્થિક ડેટા પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે.

યુરોપિયન બજારોમાં એફટીએસઇ 0.33 ટકા, કેક 1.15 ટકા અને ડેક્સ 0.59 ટકા સુધારા સાથે ચાલી રહ્યા છે. એશિયન બજારોમાં નીક્કી 0.69 ટકા, હેંગસેંગ 1.03 ટકા, કોસ્પી 0.04 ટકા અને શાંઘાઇ 1.06 ટકા ઘટયા હતા. જ્યારે જકાર્તા 1.11 ટકા, તાઇવાન 0.19 ટકા અને સ્ટ્રેઇટસ 0.96 ટકા સુધારા સાતે બંધ રહ્યા હતા.

સેન્સેક્સ	-494.75	81006.61
નિફ્ટી	-221.45	24749.85
બેન્ક નિફ્ટી	-512.25	51288.80

નિફ્ટી

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ફોસીસ	2.50	1968.10
ટેક મહિન્દ્રા	2.33	1699.00
પાવરગ્રીડ	1.21	331.15
લાર્સન-ટુબ્રો	1.07	3670.30
એસબીઆઇ	0.70	811.05

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
બજાજ ઓટો	12.89	10119.45
શ્રીરામ ફાઇનાન્સ	3.89	3258.60
નેસલે ઇન્ડિયા	3.39	2378.70
મહિન્દ્રા-મહિન્દ્રા	3.37	2964.60
હીરો મોટોકોર્પ	3.35	5217.45

સેન્સેક્સ

ટોપ ગેઇનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઇન્ફોસીસ	2.58	1969.50
ટેક મહિન્દ્રા	2.39	1699.55
પાવરગ્રીડ	1.30	331.35
લાર્સન-ટુબ્રો	1.02	3567.00
એસબીઆઇ	0.63	810.90

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
નેસલે ઇન્ડિયા	3.35	2379.70
મહિન્દ્રા-મહિન્દ્રા	3.34	2963.00
અલ્ટ્રાટેક સિમેન્ટ	2.70	11018.65
બજાજ ફિનસર્વ	2.28	1815.35
ટાઇટન કંપની	1.99	3400.15

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૮૦૦	કોપરેલ	૪૨૦૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૬૫૦	વનસ્પતિ ઘી	૨૩૫૦
સીંગતેલ (૫ લી)	૮૮૦	સનફલાવર	૨૨૦૦
કપાસીયા (૧૫ કિ.)	૨૨૩૦	તલતેલ	૬૨૦૦
કપાસીયા (૧૫ લિ.)	૨૦૮૦	દિવેલ	૨૩૬૦
કપાસીયા (૫ લિ.)	૭૬૦	મકાઇ તેલ	૨૨૫૦
સરસીયું તેલ	૨૩૫૦		

વિપ્રોના ચોખ્ખા નફામાં 21 ટકાનો વધારો, કંપનીએ એક શેર સામે એક બોનસની જાહેરાત કરી

મુંબઇ, તા. 17: આઇટી સેકટરની દિગ્ગજ કંપની વિપ્રોએ નાણાકીય વર્ષ 2025ના બીજા કવાર્ટરના પરિણામ આજે જાહેર કર્યા છે. જુલાઇ-સપ્ટેમ્બર કવાર્ટરમાં કંપનીનો ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે 21 ટકા વધ્યો છે. કંપનીએ આ સમયગાળામાં રૂ. 3209 કરોડનો નફો કર્યો છે. ગત વર્ષે આ કવાર્ટરમાં આ આંકડો રૂ. 2646 કરોડ હતો. સપ્ટેમ્બર કવાર્ટરમાં કંપનીના પરિણામ બજારના અંદાજ કરતા સારા રહ્યા હતા. કંપનીએ એક શેર સામે એક બોનસ શેર આપવાની પણ જાહેરાત કરી છે. વિપ્રોની આવક સપ્ટેમ્બર કવાર્ટરમાં એક ટકા ઘટીને રૂ. 22302 કરોડ થઇ હતી, જે અગાઉના વર્ષના સમાનગાળામાં રૂ. 22543 કરોડ હતી. વિપ્રોનો બીજા ત્રિમાસિક ગાળાનો ચોખ્ખો નફો નજીવો વધીને રૂ. 3011 કરોડ થવાનો અંદાજ મુકવામાં આવ્યો હતો. વધુમાં, નવા સોદામાં ઉછાળાના કારણે આવક રૂ. 22219 કરોડ થવાની આશા હતી. વિપ્રોએ જણાવ્યું હતું કે, ત્રિમાસિક ગાળા દરમ્યાન તેનું કુલ બુકીંગ 3.56 અબજ ડોલર હતું. મોટા સોદાનું બુકીંગ 1.49 અબજ ડોલરનું હતું, જે ક્રમશઃ 28.8 ટકા અને વાર્ષિક ધોરણે 16.8 ટકાનો વધારો દર્શાવે છે. આ ત્રિમાસિક ગાળામાં વિપ્રોની આઇટી સર્વિસીસ ઓપરેટીંગ માર્જિન 16.8 ટકા રહ્યું હતું, જે ક્રમશઃ 0.3 ટકા અને વાર્ષિક ધોરણે 0.7 ટકાનો વધારો દર્શાવે છે. વિપ્રોના સીઇઓ અને એમડી શ્રીની પલ્લીયાએ જણાવ્યું હતં કે, બીજા કવાર્ટરમાં મજબૂત અલના પગલે અમે આવક વૃદ્ધિ, બુકીંગ અને માર્જિન માટેની અમારી અપેક્ષાઓને પુર્ણ કરી હતી. અમે અમારા ટોચના ખાતાઓને વિસ્તૃત કરવાનું ચાલુ રાખ્યું. મોટા સોદાનું બુકીંગ ફરી એક વખત એક બીલીયન ડોલરને વટાવી ગયું અને કેપ્સોએ સતત બીજા ત્રિમાસિક ગાળા અને તેની ગતિ જાળવી રાખી.

તેમણે કહ્યું હતું કે, મે ચારમાંથી ત્રણ બજારોમાં તેમજ બીએફએસઆઇ, કન્ઝ્યુમર અને ટેકનોલોજી અને કમ્યુનીકેશન સેકટરમાં વૃદ્ધિ કરી હતી. અમે અમારા ગ્રાહકો, અમારી વ્યૂહાત્મક પ્રાથમિકતાઓ અને મજબૂત એઆઇ સંચાલિત વિપ્રોના નિર્માણમાં રોકાણ કરવાનું ચાલુ રાખીશું.

ઈન્ફોસીસે બીજા કવાર્ટરમાં રૂ. 6506 કરોડ નફો કર્યો, રૂ. 21 ડિવિડન્ડ જાહેર

મુંબઇ, તા. 17: આઇટી દિગ્ગજ કંપની ઇન્ફોસીસ માટે ચાલુ નાણાકીય વર્ષ 2024-25ના બીજા ત્રિમાસિક ગાળામાં મિશ્ર રહ્યા હતા. આઇટી ફર્મે સપ્ટેમ્બર કવાર્ટરમાં બજારની અપેક્ષાને પછાડીને રૂ. 6506 કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો હતો. સપ્ટેમ્બર કવાર્ટરમાં કંપનીને રૂ. 40986 કરડો રૂપિયાની આવક પણ થઇ છે. આ ઉપરાંત, કંપનીએ ડિવિડન્ડની પણ જાહેરાત કરી છે. શેરધારકોને દરેક શેર પર રૂ. 21નું ડિવિડન્ડ મળશે. આ ડિવિડન્ડની રેકોર્ડ તારીખ પણ નક્કી કરવામાં આવી છે. શેરોની વાત કરીએ તો આજે પરિણામો પહેલા શેરને ટેકો મળ્યો હતો અને નબળા માર્કેટ સેન્ટીમેન્ટમાં પણ બીએસઇ પર 2.58 ટકાના વધારા સાથે રૂ. 1969.50 બંધ રહ્યો હતો.

સપ્ટેમ્બર કવાર્ટરમાં ત્રિમાસિક ગાળામાં તેનો ચોખ્ખો નફો રૂ. 8368થી વધીને રૂ. 6506 કરોડ રહ્યો છે. આવકમાં પણ સારી વૃદ્ધિ જોવા મળી હતી અને તેને રૂ. 40986 કરોડની આવક થઇ હતી. 11 બ્રોકરેજનો સર્વે કરનાર સપ્ટેમ્બર કવાર્ટરમાં રૂ. 6769 કરોડનો ચોખ્ખો નફો રૂ. 40857 કરોડની આવકનો અંદાજ મુક્યો હતો. કંપનીએ તેની સંપુર્ણ વર્ષની આવક વૃદ્ધિનું અનુમાન વધારીને 3.75થી 4.5 ટકા કર્યુ છે. આ પહેલા કંપનીએ જુલાઇમાં તેને 3-4 કા સુધી સરપ્રાઇઝ આપી હતી. તેની વૃદ્ધિને મોટા સોદાઓ, જનરેટિવ એઆઇના વિસ્તરણ અને ખર્ચ ઓપ્ટિમાઇઝેશન દ્વારા ટેકો મળશે. કંપનીની આરએડ ડી સર્વિસીસ ઇનટેક પણ તેના ગ્રોથને સપોર્ટ કરશે.

ઇન્ફોસીસે રૂ. 21ના ડિવિડન્ડ માટે રેકોર્ડ તારીખ 29 ઓકટોબર નક્કી કરી છે અને તે આવતા મહિને 8 નવેમ્બર સુધીમાં શેરહોલ્ડરોના ખાતામાં જમા થઇ જશે. નાણાંકીય વર્ષ 24માં તેણે રૂ. 20ના અંતિમ ડિવિડન્ડ 8 રૂપિયાના વિશેષ ડિવિડન્ડ અને રૂ. 18ના વચગાળાના ડિવિડન્ડનું વિતરણ કર્યુ હતું.

શેરબજારમાં મંદીવાળાની પક્કડ મજબૂત, 24750 પોઇન્ટની સપાટી તૂટશે તો વધુ ઘટશે

શેરબજારમાં ઘટાડાનું કારણ તહેવારોની સિઝનમાં વેચાણનું નબળું અનુમાન, ઉંચી એનપીએ અને ધીમી લોન વૃદ્ધને આભારી

મુંબઇ, તા. 17: બજાજ ઓટોની નબળી કોમેન્ટ્રીએ આજે બજારનો મુડ બગાડયો હતો. સેન્સેક્સ અને નિફ્ટી સતત ત્રીજા દિવસે ઘટાડા સાથે બંધ થયા છે. આજે મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં વેચવાલી આવી હતી. ઓટો, રિયલ્ટી અને એફએમસીજી ઇન્ડેક્સમાં સૌથી વધુ ઘટાડો નોંધાયો હતો. પીએસઇ, મેટલ અને ઓઇલ એન્ડ ગેસ શેરોમાં દબાણ રહ્યું હતું. જ્યારે આઇટી ઇન્ડેક્સ એક જ હતો જે વધીને બંધ રહ્યો હતો. આજે નિફ્ટીમાં 50માંથી 40 શેરોમાં ઘટાડોનોંધાયો હતો. બેન્ક નિફ્ટી 12માંથી 10 શેરોમાં ઘાટડો નોંધાયો હતો.

આવનારા દિવસોમાં શેરબજાર કેવું રહેશે તે અંગે નિષ્ણાતોનું માનવું છે કે, જો નિફ્ટી 24750 પોઇન્ટની સપાટી તોડશે તો વધુ ઘટાડો આવશે, હાલમાં મંદીવાળાઓ બજાર ઉપર હાવી થતા જોવા મળી રહ્યા છે. આજે વિવિધ સેકટર ખાસ કરીને ઓટો, રિયલ્ટી, કન્ઝ્યુમર ડયુરેબલ્સ અને ફાઇનાન્સમાં ભારે વેચવાલીએ કારણે સ્થાનિક બજારમાં ભારે નુકશાન થયું છે. આ ઘટાડાનું કારણ તહેવારોની સિઝનમાં વેચાણનું નબળું અનુમાન, ઉંચી એનપીએ અને ધીમી લોન વૃદ્ધને આભારી છે. બીજા કવાર્ટરના નબળા પરિણામોથી બજારના સેન્ટિમેન્ટને ફટકો પડી રહ્યો છે. તેનાથી વિપરીત, આઇટી સેકટરે અપેક્ષિત પરિણામો પર સટ્ટો લગાવતા વિવાદો તરીકે સારો દેખાવ કર્યો છે. આ ઉપરાંત, ટ્રેડિંગ સેશનના અંતે નિફ્ટીએ 24920થી 25200ની રેન્જ તોડી છે. સુસ્ત શરૂઆત બાદ ઓટો શેરોએ નિફ્ટીને નીચે ખેંચીને કરેકશનની આગેકૂચ કરી હતી અને ટ્રેડિંગ સેશનના બીજા છ માસિક ગાળામાં વેચવાલીના વધુ એક રાઉન્ડે ઇન્ડેક્સને વધુ નીચે ખેંચી લીધો હતો. દૈનિક ચા4ટ પર મંદીવાળા મારૂબોઝુ ઓપન કેન્ડરલમાં બેયર્સની મજબૂત પક્કડ જોવા મળી રહી છે, પરંતુ 24750 પોઇનાટના મજબૂત સપોર્ટ લેવલ પર છે. જો આ સપોર્ટ તૂટે તો નિફ્ટી 24430ની તરફ ઘટી શકે છે. તે જ સમયે જો તે તેની ઉપર ટકી રહે છે, તો નિફ્ટી 24950ની સપાટીએ તાત્કિલક પ્રતિકાર તરફ જઇ શકે છે. તમામ મોટા સેકટરો ઇન્ડેક્સમાં ઉપરી સ્તરે નફાવસુલી જોવા મળ્યું હતું, પરંતુ રિયલ્ટી અને ઓટોમાં સૌથી વધુ 3.5 ટકાનો ઘટાડો નોંધાયો હતો. ટેકનીકલી જોઇએતો ધીમી શરૂઆત બાદ બજારે મહત્વની સપાટી વટાવી હતી અને ક્કરડાઉન બાદ વેચવાલીનું દબાણ વધ્યું હતું.

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૭૯૦૯૦
તેજાબી સોનું	૭૯૦૦૦
દાગીના-૨૨ કેરેટ	૭૫૧૩૫
દાગીના-બીએસઆઇ હોલમાર્ક	૭૭૫૧૦
સોનાનાં બિસ્કીટ	૭૯૦૯૦૦
ચાંદી (૯૯૯)	૯૩૮૦૦
ચાંદી સિક્કા	૯૫૩૦૦

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૨૦૦
એમ-૩૦	૪૧૫૦
એસ-૩૦	૪૦૫૦
ગુજરાત	
એમ-૩૦	૪૦૫૦
એસ-૩૦	૪૯૫૦

ચાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂ.	૭૫/૩૬ ,,	૧૨૧	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૯૬	૫૦/૩૬ ,,	૧૨૯	૮૦/૭૨ બ્લેક રોટો	૧૪૨
૩૦/૩૬ એફડી	૩૦૨	૫૦/૪૮ SD/કેપ	૧૭૧	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૨૯
૬૨/૩૬ ક્રિમ્પ	૧૩૯	૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૪	૩૦/૧૪ ક્રિમ્પ	૧૮૫
૬૮/૩૬	૧૩૪	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૪૦
૭૨/૩૬ ક્રિમ્પ	૧૩૨	૧૦૦ ટેક્ષ	૧૨૩	૬૮ ક્રિમ્પ	૧૩૫
૯૦/૩૬ ક્રિમ્પ	૧૨૭	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૩૩
૮૪/૪૮ ક્રિમ્પ	૧૨૭	૮૦/૭૨ રોટો	૧૨૯	૭૫ ક્રિમ્પ	૧૩૨
૩૦/૧૪ ક્રિમ્પ	૧૭૦	૮૦/૭૨ ફોલ્ડર	૧૪૧.૫	૮૦ ક્રિમ્પ	૧૨૩
૮૦/૭૨ રોટો.	૧૨૭	૧૬૦ ડીસ્કેટ	૧૪૧.૫	૮૦/૭૨ રોટો	૧૨૭.૫
૮૦/૩૬ રોટો.	૧૨૮	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૨૧	૮૦/૧૦૮ ,,	૧૨૯	૩૦/૩૬ એફડી	---

અદાણી એન્ટરપ્રાઇઝે USD 500 મિલિયન પ્રાઇમરી ઇક્વિટી એકત્ર કરી

સુરત : અદાણી એન્ટરપ્રાઇઝ લિ. (AEL) એ આજે જણાવ્યું હતું કે તેણે એકેદરે AELના 1 રૂપિયાની ફેસ વેલ્યુના દરેક ઇક્વિટી શેરનું ક્વોલિફાઇડ ઇન્સ્ટિટ્યુશનલ પ્લેસમેન્ટ (QIP) સફળતાપૂર્વક સંપન્ન કરી લગભગ રુ.4,200 કરોડ (USD 500 મિલિયન) એકત્ર કર્યા છે. આ ભરણા અંતર્ગત QIP દ્વારા કુલ 1,41,79,608 ઇક્વિટી શેર ઇક્વિટી શેર દીઠ 2,962ના ઇશ્યૂ ભાવે ફાળવવામાં આવ્યા છે. 9 ઓક્ટોબર 2024ના રોજ અંદાજે રુ.4,200 કરોડ (USD 500 મિલિયન) ના કદ સાથે બજાર બંધ થયા બાદ આ ટ્રાન્ઝેકશન શરૂ કરવામાં આવ્યું હતું અને 15 ઓક્ટોબર 2024ના રોજ બજાર બંધ થયું ત્યારે. QIPને જબરજસ્ત આવકાર જોવા મળ્યો હતો, જેમાં સોદાના કદના આશરે 4.2 ગણી બિડ પ્રાપ્ત થઈ હતી. જેમાં સામેલ થનારાઓમાં રોકાણકારોના વૈવિધ્યસભર જૂથ, લાંબા ગાળાના વૈશ્વિક રોકાણકારો, મુખ્ય ભારતીય મ્યુચ્યુઅલ ફંડ્સ અને વીમા કંપનીઓ છે.

આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ

IDFC FIRST Bank

(અગાઉ આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે ઓળખાતી) - CIN : L65110TN2014PLC097792
રજિસ્ટર્ડ ઓફિસ: KRM ટાવર્સ, 7મો માળ, હેરિંગ્ટન રોડ, ચેટપેટ, ચેન્નાઈ - 600031. ટેલિફોન: +91 44 4564 4000 - ફેક્સ: +91 44 4564 4022

પરિશિષ્ટ - IV-A (નિયમ 8(6) અને 9(1)ની જોગવાઈ જુઓ) સ્થાવર મિલકતોના વેચાણ માટેની વેચાણ નોટિસ

સિક્યોરિટાઇઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઇનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરિટી ઇન્ટરેસ્ટ એક્ટ, 2002 હેઠળ સ્થાવર અસ્કયામતોના વેચાણ માટેની ઇ-ઓક્શન સેલ નોટિસ, સિક્યોરિટી ઇન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, 2002ના નિયમ 8(6) અને 9(1)ની જોગવાઈ સાથે વાંચવામાં આવી છે.

આથી સામાન્ય લોકો અને ખાસ કરીને ઋણ લેનારાઓ અને સહ-ઋણ લેનારાઓને કોલમ (iii) મુજબ નોટિસ આપવામાં આવે છે કે, નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો કોલમ (iv) મુજબ સિક્યોર્ડ કેડિટર પાસે મોર્ગેજ/ચાર્જ કરેલ છે, જેનો કબજો જે અગાઉ આઈડીએફસી બેંક લિ.તરીકે ઓળખાતી હવે આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ તરીકે ઓળખાતી બેંકના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે. આથી કોલમ (i) મુજબ લોન લેનાર(ઓ) પાસેથી બાકી રકમની વસૂલાત માટે, 'જ્યાં છે ત્યાં', 'જેમ છે તેમ' અને 'જે છે તે' આધારે અહીં વર્ણવ્યા મુજબ વેચાણ કરવામાં આવશે.

વેચાણના વિગતવાર નિયમો અને શરતો માટે, કૃપા કરીને આઈડીએફસી ફર્સ્ટ બેંકની વેબસાઇટ એટલે કે www.idfcfirstbank.com પર આપેલી લિંકનો સંદર્ભ લો.

ક્રમ નં.	(i) ડિમાન્ડ નોટિસની રકમ	(ii) એગ્રિમેન્ટ આઈડી	(iii) ઉધાર લેનારા(ઓ), સહ-ઉધાર લેનારા(ઓ)ના નામ	(iv) મિલકતનું સરનામું	(v) અનામત કિંમતની રકમ	(vi) EMD રકમ	(vii) હરાજીની તારીખ અને સમય	(viii) EMD હરાજીની તારીખ અને સમય	(ix) નિરીક્ષણની તારીખ અને સમય	(x) અધિકૃત અધિકારીનું નામ અને મોબાઈલ નંબર
1	રૂ. 33009458.79/- ડિમાન્ડ નોટિસ તારીખ: 05-ઓગસ્ટ-2019	16076550 & 16599121	દેવાંશી ટેક્સટાઈલ, હિના કે પટેલ અને કમલેશ ડાહ્યાભાઈ પટેલ	(પ્લોટ નંબર 20 ની માલિકીનો) સ્થાવર મિલકત, એ-ટાઈપ પ્લોટ નંબર 20ની જગ્યા, 313.06 ચોરસ ફૂટનું માપન, રોડ અને સીઓપીમાં પ્રમાણસર અવિભાજિત શેર સાથે ખુલ્લી જમીન, 178.07 ચોરસ મીટરનું માપન, "અચીજા હાઇલેન્ડ" રાજ્યમાં સ્થિત જમીન પર વિકસિત "ગુજરાત, જિલ્લો: સુરત, પેટા જિલ્લો અને તાલુકા: ઓલપાડ, મોજે: અટોદરા, રેવન્યુ સર્વે નં. 362/2, બ્લોક નં. 371 રહેણાક એનએ જમીન પૈકી. મિલકતની સીમા: પૂર્વમાં: સંલગ્ન પ્લોટ નં. 15, પશ્ચિમમાં: સંલગ્ન સોસાયટી રોડ, ઉત્તર: સંલગ્ન પ્લોટ નં. 19 અને દક્ષિણમાં : સંલગ્ન પ્લોટ નં. 21 (પ્લોટ નંબર 21ની માલિકીનો) સ્થાવર મિલકત, એ-ટાઈપ પ્લોટ નંબર 21નું જગ્યા, 313.06 ચોરસ ફૂટનું માપન, રોડ અને સીઓપીમાં પ્રમાણસર અવિભાજિત શેર સાથે ખુલ્લી જમીન, 178.07 ચોરસ મીટરનું માપન, "અચીજા હાઇલેન્ડ" રાજ્યમાં સ્થિત જમીન પર વિકસિત "ગુજરાત, જિલ્લો: સુરત, પેટા જિલ્લો અને તાલુકા: ઓલપાડ, મોજે: અટોદરા, રેવન્યુ સર્વે નં. 362/2, બ્લોક નં. 371 રહેણાક એનએ જમીન પૈકી. મિલકતની સીમા: પૂર્વ તરફ: સંલગ્ન પ્લોટ નં. 14, પશ્ચિમમાં: સંલગ્ન સોસાયટી રોડ, ઉત્તર : સંલગ્ન પ્લોટ નં. 20 અને દક્ષિણમાં: સંલગ્ન પ્લોટ નં. 22.	10478250.00/-	1047825.00/-	21-Nov-2024 11.00 AM to 1.00 PM	20-Nov-2024 10.00 AM to 5.00 PM	14-Nov-2024 10:00 AM To 4:00 PM	નામ- હિમાંશુ સિંહ સંપર્ક નંબર - 9621177755 નામ- ચિન્મય આચાર્ય સંપર્ક નંબર - 9574448844
	રૂ. 7098165.12/- ડિમાન્ડ નોટિસ તારીખ: 03-ઓક્ટોબર-2019									

ડિસ્ક્લેમર: મહેરબાની કરીને નોંધ કરો કે ઉપરોક્ત નોટિસ ફક્ત સ્થાવર મિલકતના વેચાણ માટે જારી કરવામાં આવી છે અને આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ પાસે સ્થાવર મિલકત પર હાજર જંગમ સંપત્તિ, જો કોઈ હોય તો તે વેચાણ કરવાનો કોઈ અધિકાર નથી.

તારીખ: 18.10.2024

Sd/-અધિકૃત અધિકારી
આઈડીએફસી ફર્સ્ટ બેંક લિમિટેડ
(અગાઉ આઈડીએફસી બેંક લિમિટેડ તરીકે ઓળખાતી)

ગુજરાતમિત્ર ૩૧-૦૫-૨૦૨૨ થી લાગુ
ટચૂકડી
મંગળવાર, શુક્રવાર, રવિવાર
હવે શબ્દ દીઠ ₹ 6 +(GST)
ઓછામાં ઓછા ૧૨ શબ્દો
: જાહેરખબર આપવા માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

તદ્દન ચાલુ ખાતાનાં
ચાલુ કંડીશનમાં 64 પનાનાં સિંગલ પનાના રેપીયર મશીન વીથ 1200 હુકસની જેકાર્ડ ભાડેથી અથવા વેચાણથી આપવાની છે. અમારો નીચેનાં નંબર ઉપર સંપર્ક કરશો.
કોન્ટેક નંબર 9376829808

વેચવાનો છે.
પ્લોટ અલકનંદા સોસાયટીમાં જ્યોતીન્દ્ર દવે ગાર્ડનની સામે પ્લોટ નં- 27 હનીપાર્ક રોડ, અડાજણ સુરત M NO- 9327399639 (1146)

ડાયમંડ વન
લક્ષ્મી ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ સચિન, ફેરડીલ અ